# સજીવ ખેતીનું પ્રમાણન



**શ્રી રવિ પ્રજાપતિ**
ક્વોલિટી મેનેજર, ગુજરાત ઓર્ગેનિક પ્રોડક્ટ્સ સર્ટિફિકેશન એજન્સી (GOPCA), અમદાવાદ
મો. : ૯૯૦૯૨ ૨૮૩૯૯, Email : gopca.quality@gmail.com

હાલમાં સજીવ ખેતી જાણે કે સમયની માંગ છે એવું લાગે છે. જ્યાં જોઈએ ત્યાં વપરાશકારો રાસાયણિક દવા મુક્ત ફળો, શાકભાજી, કઠોળ તેમજ અને ધાન્ય ઉપજ બજારભાવ કરતાં ઊંચી કિંમતે પણ માંગી રહ્યા છે. અને કેમ ન હોય આજદિન સુધી આપણે આપણી ખેતીમાં કૃષિ વૈજ્ઞાનિકશ્રીઓની ભલામણોને અવગણી રાસાયણિક ખાતરો અને રાસાયણિક જંતુનાશક દવાઓ, રોગનાશક દવાઓ અને રાસાયણિક નિંદામણનાશક દવાઓ વાપરવામાં કોઈ કચાશ છોડી નથી કે કોઈ સીમા રાખી નથી. જેના પરિણામ સ્વરૂપ આપણે આપણી જમીનનું સ્વાસ્થ્ય, માનવોનું સ્વાસ્થ્ય તેમજ પ્રાણીજગતના સ્વાસ્થ્યને પણ મોટું નુકસાન પહોંચાડ્યું છે. આજે આપણે અનેક પ્રકારના રોગોનો સામનો કરી રહ્યા છીએ. માણસોની રોગ પ્રતિકારક શક્તિ ઓછી થયેલી જોવા મળે છે. અકાળે વૃદ્ધત્વ અને શારીરિક અશક્તિ તેમજ કેટલાક કેસોમાં તો નપુંસકતા પણ જોવા મળે છે. આવી તમામ આફતોને ટાળવા આજના લોકો આજે ઓર્ગેનિક ખોરાક માંગી રહ્યા છે અને ખેડૂત પણ વપરાશકારોને ઓર્ગેનિક પીરસવા સજ્જ છે, કારણ કે ખેડૂત પણ એક માનવ જ છે અને તે પોતાના પરિવાર, સમાજ અને રાષ્ટ્રના હિતમાં હવે ઓર્ગેનિક ખેતી તરફ વાળ્યો છે. જે આવનારી પેઢીઓ માટે તેમજ આજના બાળકોના સ્વાસ્થય માટે ખૂબ જ સારી બાબત છે.

મોટાભાગના ખેડૂતો આજે ગુજરાત રાજ્યના મહામહીમ રાજ્યપાલશ્રી, માનનીય આચાર્ય દેવવ્રતશ્રીના માર્ગદર્શન હેઠળ પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે એ પણ એક પ્રકારે સજીવ ખેતી જ છે. ઘણા ખેડૂતો એવા પણ છે કે જે પહેલેથી જ સજીવ ખેતી કરે છે. એ આપણાં રાજ્ય માટે ગૌરવની વાત છે. મિત્રો આપણે સજીવ ખેતી કરીએ છીએ એ ઘણી જ સારી બાબત છે પરંતુ જ્યારે આપણે આપણી ઉપજ બજારમાં લઈ જઈએ અથવા તો જ્યારે વેચવા જઈએ ત્યારે વ્યાપારી વર્ગ અથવા તો વપરાશકારો આ ઉત્પાદન ઓર્ગેનિક છે કે નહીં તે માટે અનેક શંકા કુશંકાઓ કરતાં જોવા મળે છે, જેના પરિણામે આપણને આપણને ધાર્યો પ્રતિસાદ મળતો નથી અને સારા ભાવથી પણ આપણે વંચિત રહી જઈએ છીએ.

આવા ઓર્ગેનિક ખેતી કરતાં સાચા ખેડૂતોને પોતાની ઓર્ગેનિક જણસનો બજારમાં સારો ભાવ મળી રહે, ઓર્ગેનિક તરીકે બહારના દેશોમાં નિકાસ કરી શકે તેમજ વપરાશકારો અને ખેડૂતો વચ્ચે પરસ્પર વિશ્વાસનું વાતાવરણ જળવાઈ રહે તે માટે આપણે ઓર્ગેનિક સર્ટિફિકેશન કરાવવું જરૂરી છે. આવું ઓર્ગેનિક સર્ટિફિકેશનની કામગીરી કરતી ગુજરાત રાજ્યની એક માત્ર સરકારી સંસ્થા એટલે ગુજરાત ઓર્ગેનિક પ્રોડક્ટ્સ સર્ટિફિકેશન એજન્સી જેને GOPCA તરીકે પણ ઓળખવામાં આવે છે અને જે અમદાવાદ ખાતે સ્થિત છે. GOPCAની સ્થાપના વર્ષ ૨૦૦૮થી કરવામાં આવેલ છે. ઓર્ગેનીક સર્ટિફિકેશન માટે સંસ્થાએ APEDA (Agricultural & Processed Food Product Export Development Authority)ની માન્યતા મેળવવી ફરજિયાત હોય છે જે દર ત્રણ વર્ષે રીન્યુ કરવામાં આવે છે અને GOPCAને હાલમાં જ રીન્યુ કરી વર્ષ ૨૦૨૩ સુધી સર્ટિફિકેશન કરવા માટે માન્યતા પ્રાપ્ત છે.

હવે આપણને આ સર્ટિફિકેશન એટલે શું ? એવો પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે. મિત્રો સર્ટિફિકેશન એટલે બીજું કાઈ જ નહીં પરંતુ આપણે જે સજીવ ખેતી કરીએ છીએ તે બાબતની ભૌતિક ચકાસણી કરી તમારા દ્વારા નિભાવવામાં આવેલી ફાર્મ ડાયરી તેમજ આપની સાથે ચર્ચાના અંતે આપ નેશનલ પ્રોગ્રામ ફોર ઓર્ગેનિક પ્રોડક્શન (NPOP)ના ધારાધોરણો અનુસરો છો તેમજ આપે જે ઉત્પાદન કર્યું છે તે ઓર્ગેનિક છે તે અંગેની લેખિતમાં ખાતરી આપતું ગુજરાત ઓર્ગેનિક પ્રોડક્ટ્સ સર્ટિફિકેશન એજન્સીનું પ્રમાણપત્ર. આવું સર્ટિફિકેશન કરવા માટેના અરજીપત્રક તમામ જરૂરી ફોર્મ સાથે અમારી વેબસાઈટ www.gopca.in પર Downloads ભાગમાં ઉપલબ્ધ છે. તમામ અધિકારીશ્રીના સંપર્ક નંબર પણ વેબસાઈટ પર ઉપલબ્ધ છે. તો વધુ માર્ગદર્શન માટે સંપર્ક કરી શકાશે.

આપણામાંથી ઘણા ખેડૂતો કદાચ જાણતા પણ હશે પરંતુ તેમ છતાં આ નેશનલ પ્રોગ્રામ ફોર



Scanned with CamScanner

ઓર્ગેનિક પ્રોડક્શન (NPOP) અંતર્ગત પાક ઉત્પાદન (ક્રોપ પ્રોડક્શન)ના ધારાધોરણો શું છે તે બાબતની આપણે જાણીએ.

**રૂપાંતરીત (કન્વર્ઝન) પ્રક્રિયાની જરૂરિયાત :**

૧. ધારાધોરણ મુજબ પશુધન સહિતની સમગ્ર ખેતીવાડીનું ત્રણ વર્ષની મુદત દરમિયાન સજીવમાં રૂપાંતરણ થવું જોઈશે.

૨. રૂપાંતરણ સમયગાળા દરમિયાન ધારાધોરણોની જરૂરિયાત સંતોષાવી જોઈએ. તમામ ધારાધોરણોની જરૂરિયાતો રૂપાંતરણ સમયગાળાની શરૂઆતથી જ સુસંગત પરિબળોને લાગુ પડશે.

૩. સમગ્ર ખેતરનું રૂપાંતરણ થયું ન હોય તો પ્રમાણન કાર્યક્રમમાં કે ખેતરના સજીવ અને પરંપરાગત ઘટકો અલગ અને નિરીક્ષણ યોગ્ય છે તેની ખાતરી કરવામાં આવશે.

૪. ખેત પેદાશોને સજીવ તરીકે પ્રમાણિત કરી શકાય તે પહેલા રૂપાંતરણ સમયગાળા દરમિયાન GOPCA દ્વારા નિરીક્ષણ કરવામાં આવશે. રૂપાંતરણ સમયગાળાની શરૂઆત પ્રમાણન કાર્યક્રમની ઈન્સપેક્શનની તારીખથી માન્ય ગણાશે.

૫. એક સાથે લેવાતું પરંપરાગત ઉત્પાદન, સજીવમાં રૂપાંતરણ થતું ઉત્પાદન અને/અથવા સજીવપાક ઉત્પાદન અથવા પશુ ઉત્પાદન કે જેને એકબીજાથી સ્પષ્ટપણે જુદા પાડી શકાતા ન હોય તેવા ઉત્પાદનને પ્રમાણન માટે માન્ય ગણવામાં આવશે નહીં.

૬. સજીવ અને પરંપરાગત ઉત્પાદન વચ્ચેના સ્પષ્ટ જુદાપણાને સુનિશ્ચિત કરવા ખાતરી કરવામાં આવશે. GOPCA દ્વારા સમગ્ર પ્રમાણન કાર્ય પદ્ધતિની જરૂરિયાત સંતોષવામાં આવી છે તેની ખાતરી કરવા નિરીક્ષણ (ઈન્સપેક્શન) કરવામાં આવશે.

૭. પાછલા કેટલાક વર્ષોથી ધારાધોરણોની સંપૂર્ણ જરૂરિયાતો વાસ્તવિક રીતે સંતોષાઈ હોય અને કેટલાક સાધનો અને સ્ત્રોતોના માધ્યમથી તેની ખરાઈ કરી શકાય ત્યાં સંપૂર્ણ રૂપાંતરણ સમયગાળાની જરૂર નથી. આવા કિસ્સામાં પ્રથમ લણણી (કાપણી) પહેલાના સમયના યોગ્ય અંતરે નિરીક્ષણ કરવામાં આવશે.

૮. રૂપાંતરીત જમીન અને પશુઓને ફરીથી સજીવ અને પરંપરાગત વ્યવસ્થાપનની સ્થિતિમાં પાછા લાવી શકાશે નહીં.

૯. ખેત પદ્ધતિઓ જૈવ વિવિધતા તથા પર્યાવરણને લાભદાયક હોવી જોઈએ.

**પાક ઉત્પાદન :**

૧. જ્યારે સજીવ બિયારણ અને વનસ્પતિના ભાગો (પ્લાન્ટ મટીરીયલ્સ) ઉપલબ્ધ હોય ત્યારે તેનો ઉપયોગ કરવો, GOPCA પ્રમાણિત સજીવ બિયારણ અને અન્ય વનસ્પતિના ભાગો (પ્લાન્ટ મટીરીયલ્સ)ની જરૂરિયાત માટે સમયમર્યાદા નક્કી કરશે.

૨. પ્રમાણિત સજીવ બિયારણ અને વનસ્પતિ ભાગો (પ્લાન્ટ મટીરીયલ્સ) ઉપલબ્ધ ન હોય ત્યારે રાસાયણિક દવાનો પટ આપ્યા વગરના પરંપરાગત બિયારણોનો ઉપયોગ કરી શકાશે.

૩. આનુવંશિક રીતે તૈયાર કરેલા બિયારણો, પરાગરજ, કૃત્રિમ જનીન છોડ કે વનસ્પતિ માન્ય રાખવામાં આવતી નથી.

**રૂપાંતર સમયગાળાની મુદત :**

૧. વાવેતર કર્યાના ઓછામાં ઓછા બે વર્ષ પહેલાના રૂપાંતર સમયગાળા દરમિયાન અથવા તો ઘાસવાળી જમીન સિવાયના બારમાસી પાકના કિસ્સામાં પાકની પ્રથમ લણણી (કાપણી) પહેલાંના ઓછામાં ઓછા ત્રણ વર્ષ (૩૬ મહિના) પહેલા, રાષ્ટ્રીય ધારાધોરણોની જરૂરિયાતો સંતોષવામાં આવી હોય ત્યારે ઉત્પન્ન થતી પાક પેદાશોને સજીવ રીતે પ્રમાણિત કરી શકાય. GOPCA જમીનની અગાઉની સ્થિતિને અનુલક્ષીને ચોક્કસ કિસ્સામાં (જેવા કે બે કે તેથી વધુ વર્ષ માટે ખાલી ઉપયોગ) રૂપાંતર સમયગાળાને લંબાવી કે ઘટાડી શકે, પરંતુ આ સમયગાળો બાર મહિના જેટલો કે તેનાથી વધુ હોવો જોઈએ.

૨. રૂપાંતર સમયગાળો જમીનના ભૂતકાળના ઉપયોગ અને પર્યાવરણ વિષયક પરિસ્થિતિઓના આધારે GOPCA દ્વારા લંબાવી શકાય.

૩. GOPCA દ્વારા પાક પેદાશોને રૂપાંતર પ્રક્રિયાનું સજીવ કૃષિનું ઉત્પાદન અથવા તો ખેતરના રૂપાંતર સમયગાળા દરમિયાન તેવા જ વર્ણન સાથે વેચાણ કરવા પરવાનગી આપવામાં આવશે.

૪. ચારા માટેના ઈનપુટ્સની ગણતરી કરીએ તો સજીવ વ્યવસ્થાપનના પ્રથમ વર્ષ દરમિયાન ખેત એકમ પર ઉત્પન્ન થતા ચારાને સજીવ તરીકે ગણવામાં આવે છે અને આ ચારો ખેત એકમમાં ઉછરતા પશુઓ માટે છે. અને આવા ખોરાકને વેચવો નહીં કે અન્યથા સજીવ તરીકે વેચાણમાં મુકવો નહીં. રાષ્ટ્રીય ધારાધોરણોને સુસંગત ખેતરો પર ઉત્પન્ન થતા ચારાને પરંપરાગત ચારો/ઉત્પાદિત ખોરાક કરતા ચડિયાતો ગણવાનો છે.



Scanned with CamScanner

**પાક ઉત્પાદનમાં વિવિધતા :**

જરૂર જણાયે પ્રમાણનમાં સમય અને સ્થળે પર્યટન વૈવિધ્ય એવી રીતે પ્રાપ્ત કરવું જોઈએ કે જમીન, સજીવ પદાર્થ, ફળદ્રુપતા, સૂક્ષ્મી જીવપ્રવૃત્તિઓ અને જમીનની સામાન્ય સ્થિતિ જાળવવા અને વધારતી વખતે તેમાં જીવજંતુઓ, નીંદણ અને અન્ય જીવાતના ભારણને ધ્યાનમાં લેવું જોઈએ. બારમાસી ન હોય તેવા પાકની બાબતમાં વિશિષ્ટ રીતે નહીં પરંતુ સામાન્ય રીતે પાકની ફેરબદલીથી હાંસલ કરી શકાય છે.

**ખાતર આપવાની નીતિ :**

૧. સૂક્ષ્મ જીવો, છોડ કે પ્રાણીજ પદાર્થોના વિઘટનક્ષમ તત્ત્વો ફળદ્રુપતા વધારવાની પ્રક્રિયાનો મુખ્ય આધાર બનશે.
૨. GOPCA સ્થાનિક પરિસ્થિતિઓ અને પાકની ચોક્કસ પ્રકૃતિને ધ્યાનમાં લઈને ખેત એકમ પર ઉત્પન્ન કરવામાં આવતા સૂક્ષ્મ જીવો, છોડ કે પ્રાણીજ પદાર્થોના વિઘટનક્ષમ દ્રવ્યોનું કુલ પ્રમાણ નક્કી કરશે.
૩. બહારથી લાવવામાં આવતા પદાર્થો (છાણ, મૂત્ર, મિશ્રિત ખાતર સહિત) પરિશિષ્ટ-૧ અને ૨ને અનુરૂપ હોવા જોઈએ.
૪. માનવ મળમૂત્ર ધરાવતા ખાતરનો ઉપયોગ કરી શકાશે નહીં.
૫. ખનીજ ખાતરમાં કાર્બનિક દ્રવ્યોનો પૂરક ભૂમિકા તરીકે ઉપયોગ કરવાનો રહેશે. અન્ય ફળદ્રુપતા વૃદ્ધિ વ્યવસ્થાપન કાર્યોનો વ્યાપ વધાર્યા બાદ જ તેના ઉપયોગ માટેની પરવાનગી આપવામાં આવશે.
૬. ખનીજ ખાતરનો તેના પ્રકૃતિક ઘટકમાં જ ઉપયોગ કરવાનો રહેશે અને રાસાયણિક પ્રોસેસ દ્વારા વધુ દ્રાવ્યસ્વરૂપે ઉપયોગ કરી શકાશે નહીં. પ્રમાણન કાર્યક્રમમાં અપવાદો અંગે મંજૂરી આપી શકાશે કે જ્યાં મંજૂરી આપવી વ્યાજબી ઠરાવી શકાય. આ અપવાદોમાં નાઈટ્રોજનયુક્ત ખનીજ ખાતરનો સમાવેશ થઈ શકશે નહીં.
૭. પ્રમાણન કાર્યક્રમમાં વધુ ભારે ધાતુ પદાર્થ અને અથવા અન્ય અનિચ્છનીય પદાર્થો જેવા કે ઘન કચરો, ફોસ્ફરીક ખડક અને ગટરનો કચરો જેવા જ બીજા ખનીજ પોટેશિયમ, મેગ્નેશિયમ ખાતર અવશિષ્ટ પદાર્થો, પડવાશ અને ખાતરના ઉપયોગ માટે નિયંત્રણો લાદી શકાય છે.
૮. ચિલીયન નાઈટ્રેટ, યુરિયા સહિતના તમામ કૃત્રિમ નાઈટ્રોજનયુક્ત ખાતરના ઉપયોગ પર પ્રતિબંધ છે.
૯. યુરિયા, ડીએપી, સીંગલ સુપર ફોસ્ફેટ અને તેના જેવા અન્ય કૃત્રિમ ખાતર માન્ય નથી.

**જીવાત, રોગ તથા નીંદણવ્યવસ્થા, વૃદ્ધિનિયંત્રકો સહિત :**

૧. ફાર્મ પર સ્થાનિક છોડ, પશુઓ અને સૂક્ષ્મજીવોમાંથી તૈયાર કરવામાં આવતી અને જીવાત, રોગ અને નીંદણ નિયંત્રણ માટે ઉપયોગમાં લેવાતી પેદાશોને માન્ય ગણવામાં આવે છે. પર્યાવરણ કે સજીવ પેદાશોની ગુણવત્તા બગડવાની સંભાવના ઊભી થાય તો સજીવ ખેતીમાં વધારાના ઈનપુટ્સની મુલ્યાંકન કાર્યપદ્ધતિ અને અન્ય સુસંગત ધારાધોરણોનો અભિપ્રાય માટે ઉપયોગ કરી તે ઉત્પાદન સ્વીકાર્ય છે કે નહીં તે નક્કી કરી શકાશે. સજીવ તરીકે માન્ય માર્કાવાળી પેદાશોનો ઉપયોગ કરી શકાશે.
૨. ઉષ્ણ તાપમાનથી નીંદણ નિયંત્રણ તેમજ જીવાત, રોગ અને નીંદણ નિયત્રંણની ભૌતિક પદ્ધતિઓને પરવાનગી આપવામાં આવે છે.
૩. જીવાત અને રોગોને અંકુશમાં લેવા માટે જમીનને ઉષ્ણ તાપમાનથી જીવાણુંમુક્ત કરવાની પદ્ધતિ જ્યાં જમીનની યોગ્ય પાક ફેરબદલી કે નવીનીકરણ શક્ય ન હોય તેવા સંજોગોમાં મર્યાદિત રાખવામાં આવે છે.
૪. પરંપરાગત ખેતી પદ્ધતિઓની તમામ સામગ્રીઓને યોગ્ય રીતે સાફ કરવી અને સજીવ રીતે સુયોજિત વિસ્તારોમાં તેનો ઉપયોગ કરતાં પહેલાં અવશેષોથી તેને મુક્ત કરવામાં આવશે.
૫. કૃત્રિમ વનસ્પતિનાશક દ્રવ્યો, ફૂગનાશક દ્રવ્યો, જંતુનાશક દ્રવ્યો અને અન્ય કીટનાશક દ્રવ્યેના ઉપયોગ પર પ્રતિબંધ છે. છોડમાંની જીવાત અને રોગ નિયંત્રણ માટેની પરવાનગી પાત્ર પેદાશોની યાદી આપવામાં આવેલ છે.
૬. કૃત્રિમ વૃદ્ધિવર્ધકો/નિયંત્રકો તેમજ કૃત્રિમ રંગ દ્રવ્યોના ઉપયોગ પર પ્રતિબંધ છે અને આનુવંશિક સજીવ કે ઉત્પાદનોનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ છે.
૭. ખેડૂતે એવું સુનિશ્ચિત કરવું પડશે કે જીવાતો, પરોપજીવીઓ અને ચેપી પદાર્થોના ફેલાવાને અટકાવવા માટેના ઉપાયો લાગુ કરવામાં આવ્યા છે.

**દૂષિતતા નિયંત્રણ :**

૧. ફાર્મની અંદરથી અને બહારથી દુષિતતા ઘટાડવા માટેના તમામ સુસંગત પગલા લેવા.
૨. ભારે ધાતુઓ અને અન્ય પ્રદૂષકોનો સંચય થવો ન જોઈએ.
૩. દૂષિતતાની વ્યાજબી શંકાના કિસ્સામાં GOPCAએ એ બાબત સુનિશ્ચિત કરવી કે પ્રદૂષક (જમીન અને પાણી)ના શક્ય સ્ત્રોતોની તપાસ માટેની સુસંગત પેદાશોના પૃથક્કરણથી દૂષિતતાની માત્રા નક્કી કરવાનું કામ કરે.



Scanned with CamScanner

૪. સક્ષમ માળખા માટેના આવરણોમાં. પ્લાસ્ટિકના આવરણો, ચામડાના આવરણો, ઊનના આવરણો, જંતુઓની જાળ રચના અને સંગ્રહી રાખેલો સૂકો ઘાસચારો અને ફક્ત પોલીથીલીન અને પોલીપોપીલીન કે અન્ય પોલી કાર્બોનેટ્સ આધારિત પેદાશોને માન્ય ગણવામાં આવે છે. આ તમામનો ઉપયોગ કર્યા પછી જમીનમાંથી દૂર કરવામાં આવશે. ખેતર પર તેને સળગાવી દેવા નહીં. પોલી ક્લોરાઈડ આધારિત પેદાશોનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ છે.

**જમીન અને પાણી સંરક્ષણ :**

૧. સજીવ પદાર્થોને સળગાવીને દા.ત. પદાર્થના ટુકડા કરીને સળગાવવા, સૂકું ઘાસ સળગાવવું વગેરે જેવા માધ્યમથી જમીન સાફ કરવાની પ્રવૃત્તિ ઓછામાં ઓછી થાય તે માટે તેના પર પ્રતિબંધ રહેશે.
૨. પ્રાથમિક વનને દૂર કરવા પર પ્રતિબંધ છે.
૩. ઘસારો અટકાવવા માટે સુસંગત કાર્યવાહી કરવી.
૪. પાણીના પ્રાપ્તિસ્થાનનું અતિશય શોષણ અને અવક્ષય કરી શકાશે નહીં.
૫. પ્રમાણન કાર્યક્રમમાં યોગ્યમાત્રામાં પર્યાપ્ત સંગ્રહ દરની જરૂરિયાત રહેશે. જે જમીનની ગુણવત્તાની હાનીભૂગર્ભ તેમજ સપાટી પરના પાણીના પ્રદૂષણને અટકાવશે.
૬. જમીન અને પાણીની ખારાશ અટકાવવા માટે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

**વનસ્પતિજન્ય બિનખેતી સામગ્રી તથા મધનું એકત્રીકરણ :**

૧. જંગલમાંથી મેળવેલી પેદાશો તે સ્થિર અને આરોગ્યપ્રદ પર્યાવરણમાંથી મેળવેલી હોય ત્યારેજ સજીવ પ્રમાણિત ગણાશે. લણવામાં કે એકત્ર કરવામાં આવતી પેદાશો પર્યાવરણની ટકાઉ ઊપજથી વધુ ન હોવી જોઈએ. અથવા તો વનસ્પતિ અથવા પ્રાણીઓના અસ્તિત્વને જોખમમાં મૂકે એવી ન હોવી જોઈએ.
૨. પેદાશો સજીવ છે તેમ ત્યારે જ કહી શકાય જો તે સ્પષ્ટ રીતે નિર્દિષ્ટ વિસ્તારમાંથી એકત્ર કરવામાં આવી હોય અને જે પ્રતિબંધિત પદાર્થોના સંપર્કમાં આવતી ન હોય અને જે નિરીક્ષણને આધીન હોય.
૩. એકત્રીકરણ વિસ્તાર (સંગ્રહ કેન્દ્ર) પરંપરાગત ખેતી, પ્રદૂષણ અને દૂષિતતાથી યોગ્ય અંતરે દૂર રહેશે.
૪. પેદાશોની લણણી કે એકત્રીકરણનું સંચાલન કરનાર ઓપરેટરને સ્પષ્ટપણે નિયુક્ત કરવાના રહેશે અને તે ઉક્ત એકત્રીકરણ વિસ્તારથી પરિચિત હોવા જોઈએ.

**પ્રોસેસિંગ પદ્ધતિઓ :**

યાંત્રિક અને ભૌતિક, સજીવ, ધૂણી, અર્ક, દ્રાવણ બનાવવાની પ્રક્રિયા (નિષ્કર્ષણ) અને ગાળણ પ્રક્રિયાઓને મંજુર કરવામાં આવે છે.

૧. અર્ક મેળવવા માટે ફક્ત પાણી, ઈથોનોલ, વનસ્પતિજન્ય અને પ્રાણીજન્ય તેલ, વિનેગાર, કાર્બન ડાયોક્સાઈડ, નાઈટ્રોજન કે કાર્બોલીક એસીડનો જ ઉપયોગ થઈ શકશે. આ તમામ ઉપરોક્ત હેતુ માટે ખોરાકની યોગ્ય ગુણવત્તાની કક્ષા મુજબ હશે.
૨. કિરણોત્સર્ગના ઉપયોગની મનાઈ છે.
૩. ગાળણ પદાથો એસ્બેસ્ટોસમાંથી બનાવવામાં આવશે નહીં. કે તેને પદાર્થો સાથે મિશ્ર કરવામાં પણ આવશે નહીં કે જે પેદાશ પર નકારાત્મક અસર કરતા હોય.

**પેકેજિંગ :**

૧. બિનજરૂરી પેકેજિંગ વસ્તુઓનો ઉપયોગ ટાળવો.
૨. શક્ય હોય ત્યાં પુનઃ પ્રોસેસ અને પુનઃ ઉપયોગની વસ્તુઓનો ઉપયોગ કરી શકાશે.
૩. સજીવ રીતે વિઘટનશીલ (બાયોડિગ્રેડેબલ) પેકેજિંગ વસ્તુઓનો ઉપયોગ કરી શકાશે.
૪. પેકેજિંગમાં વપરાતી વસ્તુ ખોરાકને દૂષિત કરતી ન હોવી જોઈએ.

**લેબલીંગ :**

૧. પેદાશના ઉત્પાદન કે પ્રોસેસિંગ માટે કાનૂની રીતે જવાબદાર વ્યક્તિ કે કંપની ઓળખી શકાય તેવા હશે.
૨. જ્યારે તમામ ધારાધોરણોની જરૂરિયાતો સંતોષાતી હોય ત્યારે એક ઘટક પેદાશોને સજીવ કૃષિની પેદાશ કે તેના જ જેવું સ્વરૂપ તરીકેનું લેબલ લગાવી શકાય.
૩. ઉમેરકો સહિતના તમામ ઘટકો પ્રમાણિત સજીવ સ્વરૂપના ન હોય તેવી મિશ્ર પેદાશોને નીચેની રીતે લેબલ લગાવી શકાય.

- જ્યાં ઓછામાં ઓછા ૯૫% ઘટકો પ્રમાણિત સજીવ સ્વરૂપના હોય ત્યારે પેદાશોને પ્રમાણિત સજીવ કે તેના જેવા સ્વરૂપ તરીકેનું લેબલ લગાવી શકાય અને તે પ્રમાણન કાર્યક્રમનો લોગો (પ્રતિક) ધરાવતા હોવા જોઈએ..
- જ્યરે ઘટકો ૯૫% કરતાં ઓછા પરંતુ ૭૦%થી વધુ ઓછા નહીં તેવા પ્રમાણિત સજીવ સ્વરૂપ હોય તેવી પેદાશોને સજીવ કહી શકાય નહીં. સજીવ શબ્દનો ઉપયોગ સજીવ ઘટકોના પ્રમાણનું સ્પષ્ટ નિવેદન હોય તે શરતે સજીવ ઘટકોથી



Scanned with CamScanner

બનેલા જેવા નિવેદનોમાં મુખ્ય નિદર્શન અંગે થઈ શકે. પેદાશને પ્રમાણન કાર્યક્રમથી આવરી લેવામાં આવી હોય તો તે મતલબના ચિહ્નનો સજીવ ઘટકોના પ્રમાણના ચિહ્ન તરીકે ઉપયોગ થઈ શકે.

- જ્યાં ૭૦% કરતાં ઓછા ઘટકો પ્રમાણિત સજીવ સ્વરૂપનાં હોય ત્યાં સજીવ ઘટક છે. તે પ્રકારનું ચિહ્ન ઘટકોની યાદીમાં મૂકી શકાય છે આવી પેદાશોને 'સજીવન' કહી શકાય.

૪. સજીવ ઘટકોની ટકાવારીની ગણતરીમાં ઉમેરેલા પાણી અને મીઠાનો સમાવેશ થશે નહીં.

૫. રૂપાંતરણ હેઠળ પેદાશો માટેનું લેબલ સજીવ પેદાશો માટેના લેબલથી સ્પષ્ટપણે અલગ હશે.

૬. બહુ ઘટક પેદાશની તમામ કાચી સામગ્રી તેમજ વજનની ટકાવારીના પ્રમાણમાં ક્રમાનુસાર પેદાશ લેબલ પર દર્શાવવી. કઈ કાચી સામગ્રી સજીવ પ્રમાણિત સ્વરૂપની છે અને કઈ નહીં તે સ્પષ્ટ દર્શાવવું. તમામ ઉમેરકોને તેઓના સંપૂર્ણ નામ સાથે દર્શાવવા. ઔષધિઓ અને/અથવા મસાલા પેદાશના કુલ વજનના ૨% કરતાં ઓછો હિસ્સો ધરાવતા હોય તો તેને ટકાવારી દર્શાવ્યા વગર મસાલા કે ઔષધિઓ તરીકે દર્શાવી શકાશે.

૭. અંતિમ પેદાશ અંગેના સંભવિત ગેરમાર્ગે દોરનારા દાવાને ટાળવા સારું સજીવ પેદાશોને સજીવ રીતે સંરચના (Genetic Engineering) કે સજીવ સુધારા (Genetic Modification) તરીકેનું લેબલ લગાવવામાં આવશે નહીં. પેદાશ લેબલો પરની સંરચના અંગેનો કોઈ પણ સંદર્ભ ઉત્પાદન પદ્ધતિ પૂરતો સીમિત રહેશે.

**સંગ્રહ અને પરિવહન :**

૧. એકમનો ફક્ત કોઈ એક ભાગ પ્રમાણિત હોય અને અન્ય પેદાશો પરંપરાગત હોય તો સજીવ પેદાશોનો અલગથી સંગ્રહ કરવો અને તેની ઓળખ જાળવવા માટે અલગથી વ્યવસ્થા કરવી.

૨. સજીવ પેદાશ માટેનો જથ્થો પરંપરાગત પેદાશના જથ્થાથી અલગ હોવો જોઈએ અને સ્પષ્ટપણે તેના પરતે અંગેનું લેબલ લગાવેલું હોવું જોઈએ.

૩. સજીવ પેદાશ માટેના સંગ્રહ વિસ્તારો અને પરિવહન માટેના વાહનો સજીવ ઉત્પાદનમાં પરવાનગી ધરાવતી ઉપયોગી પદ્ધતિઓ અને વસ્તુઓની બાબતમાં સાફ હોવા જોઈએ. કોઈ પણ જંતુનાશકનો સંભવિત ચેપ અટકાવવા માટે પગલા લેવા અથવા તો પરિશિષ્ટમાં ન દર્શાવેલા કોઈ અન્ય ઉપચાર કરવો.

**ખાતર તથા જમીન અનૂકૂલન કરવામાં ઉપયોગી પેદાશો :**

સજીવ કૃષિમાં, સજીવ વસ્તુઓ કે જેના પોષક તત્ત્વોને જમીનના સૂક્ષ્મજીવો અને બેક્ટેરિયાની પ્રોસેસ મારફત પાક માટે ઉપલબ્ધ કરવામાં આવે છે તેનો પુનઃ ઉપયોગ કરીને જમીનની ફળદ્રુપતાની જાળવણી કરી શકાય.

આમાંના ઘણાં ઈનપુટ્સ સજીવ ઉત્પાદનમાં ઉપયોગ કરવા પર પ્રતિબંધ છે. આ પરિશિષ્ટમાં, મર્યાદિતનો અર્થ પ્રમાણન કાર્યક્રમ દ્વારા પ્રસ્થાપિત શરતો અને કાર્ય પદ્ધતિનો ઉપયોગ કરી નક્કી કરવામાં આવશે એવો કરી શકાય. પ્રદૂષિત, પોષણ અસંતુલનનું જોખમ તેમજ કુદરતી સંસાધનોનો લોપ જેવા પરિબળોને પણ ધ્યાનમાં લેવામાં આવશે. (માન્ય : વાપરી શકાય, અમાન્ય : વાપરી શકાય નહીં, મર્યાદિત : GOPCAની પૂર્વ મંજૂરીથી વાપરી શકાય.)

**૧. સજીવ ખેત એકમની અંદરના ઉત્પાદનની બાબત :**

**માન્ય ઈનપુટ્સ :** ઉકરડો અને મરઘાં/બતકાંનું ખાતર, કીચડ, પેશાબ, પાક અવશેષો અને લીલો પડવાશ, સૂકું ઘાસ/પરાળ/ગોતર અને અન્ય લીલું ખાતર, કૃત્રિમ ઉમેરકો વગરની કોહવાયેલી વનસ્પતિ, માવજત વગરના લાકડામાંથી મળતો લાકડાનો ભૂક્કો, લાકડાનો છોલ, છોડના અવશેષોમાંથી બનતું ખાતર.

**૨. સજીવ ખેત એકમની બહારના ઉત્પાદનની બાબત :**

**મર્યાદિત ઈનપુટ્સ :** પરિરક્ષક સામગ્રી વગરનો લોહીવાળો ખોરાક, મટનનો ખોરાક, હાડકાંનો ખોરાક અને પાંખનો ખોરાક, કોઈપણ કાર્બન આધારિત અવશેષોમાંથી બનાવેલ ખાતર (મરઘાં/બતકાં સહિતનો પશુનો મળ), ઉકરડાનું ખાતર, સ્લરી, પેશાબ (સારી રીતે કોહવાયેલું અને/અથવા સારી રીતે ડાયલ્યુટ કરેલું ફેક્ટરી ફાર્મિંગનું માન્ય નથી.), પરિરક્ષક સામગ્રીઓ વગરની માછલી અને મત્સ્યપેદાશો, ખાતર તરીકે વપરાતી દરિયાઈ પક્ષીઓની હગાર ખોરાક અને કાપડ ઉદ્યોગમાંથી મેળવેલ આડપેદાશો કે જે કોઈપણ કૃત્રિમ ઉમેરકો વગરના સૂક્ષ્મ જીવો, છોડ કે પશુજન્ય વિઘટન થયેલ વસ્તુઓ, ભૌતિક પ્રક્રિયાઓ દ્વારા મેળવેલ દરિયાઈ ઘાસ અને તેની પેદાશો, દૂષિતતા માટેના નિરીક્ષણથી અલગ પાડેલ સ્ત્રોતોમાંથી મેળવેલ ગટરનું કળણ અને શહેરી ખાતર, સૂકું ઘાસ, કૃમિનાશક પદાર્થો, પશુ ખાણ, ખાતર અને વપરાયેલ મશરૂમ તથા કૃમિનાશક પદાર્થો, સજીવ ઘરગથ્થું વસ્તુમાંથી બનતું ખાતર, ખજૂરી, નાળિયેરી કોકોઆ (ખાલી ફળના ઝૂમખા), તાડના તેલની મીલોનો નકામો કચરો, કોકોઆ પીટ અને ખાલી કોકોઆ (પોડસ સહિત)માંથી મેળવેલ આડ પેદાશ, સજીવ કૃષિમાંથી ઔદ્યોગિક પ્રક્રિયા કરતા ઘટકોની આડ પેદાશો.

**અમાન્ય ઈનપુટ્સ :** માનવ મળમૂત્ર.



Scanned with CamScanner

**૩. ખનીજો :**

**માન્ય ઈનપુટ્સ :** કાલ્સીફાઈડ દરિયાઈ ઘાસ, કેલ્શિયમ ક્લોરાઈડ, સંયોજન યુક્ત કેલ્શિયમ કાર્બોનેટ (ચોક, લાઈમ સ્ટોન, જીપ્સમ અને ફોસ્ફેટ ચોક), સોડિયમ ક્લોરાઈડ, મેગ્નેશિયમ સલ્ફેટ (ઈપ્સન સોલ્ટ), જીપ્સમ (ચિરોડી) (કેલ્શિયમ સલ્ફેટ), સ્ટીલેજ અને સ્ટીલેજ અર્ક (એમોનિયમ સાઈલેઝ સિવાય), માટી (બેંટોનાઈટ, પર્લાઈટ, ઝીઓલાઈટ).

**મર્યાદિત ઈનપુટ્સ :** બેઝિક સ્લગ, કાલ્કેરીયસ અને મેગ્નેશિયમ ખડક, નિમ્ન ક્લોરીન સામગ્રી સાથેનું ખનીજ પોટેશિયમ (દા.ત. પોટાશ સલ્ફેટ, કાઈનાઈટ, સીલ્વીનાઈટ, પટેનકલી), કુદરતી ફોસ્ફેટ (રોક ફોસ્ફેટ), પલ્વીરાઈડઈઝ રોક, ટ્રેસ એલિમેન્ટ્સ (બોરોન, ફેરસ, મેંગેનીઝ, મોલીબોલેરમ ઝીંક), માવજત વગરના લાકડાના રાખ, પોટેશિયમ સલ્ફેટ, એલ્યુમિનિયમ કેલ્શિયમ ફોસ્ફેટ, સલ્ફર, સ્ટોન મીલ.

**૪. સૂક્ષ્મ જીવોની બનાવટો :**

**માન્ય ઈનપુટ્સ :** બેક્ટેરીયામાંથી બનાવેલ (સજીવ ખાતર), બાયોડાયનેમિક બનાવટો છોડની બનાવટો અને વનસ્પતિ અર્ક, વર્મિક્યુલેટ, પીટ (કોહવાયેલી વનસ્પતિ).

**અમાન્ય ઈનપુટ્સ :** ફેક્ટરી પેદાશ જે ઔદ્યોગિક વ્યવસ્થાપન તંત્રનો ઉલ્લેખ કરે છે તે મોટેભાગે પશુપાલન દવાઓ અને ખોરાક સામગ્રીઓ પર નિર્ભર રહે છે જે સજીવ ખેતીમાં માન્ય નથી.

**જીવાત અને રોગ નિયંત્રણ માટેની પેદાશો :**

ચોક્કસ પેદાશોને છોડના ઉત્પાદનમાં જીવાત અને રોગ નિયંત્રણ માટેની સજીવ ખેતીમાં ઉપયોગ માટે પરવાનગી આપવામાં આવે છે. આમાંની ઘણી પેદાશોનો સજીવ ઉત્પાદનમાં ઉપયોગ કરવા પર પ્રતિબંધ છે. આવી પેદાશોનો જ્યારે તાકીદની જરૂરિયાત હોય ત્યારે જ પર્યાવરણલક્ષી પ્રભાવને ધ્યાનમાં લઈ ઉપયોગ કરવો.

આ પરિશિષ્ટમાં મર્યાદિત એટલે પ્રમાણન કાર્યક્રમ દ્વારા પ્રસ્થાપિત થનાર શરતો અને કાર્યપદ્ધતિઓનો ઉપયોગ કરી નક્કી કરવામાં આવશે એવો કરી શકાય.

**૧. વનસ્પતિ અને પ્રાણીજન્ય પદાર્થો :**

**માન્ય ઈનપુટ્સ :** અઝાડીશરતા ઈન્ડિકા (લીમડાની બનાવટ), જીલેટીન, છોડ આધારિત અર્ક (દા.ત. લીમડો, લસણ, પોન્ગેમિયા વગેરે), કેસીન, મશરૂમનો અર્ક, કલોરેલ્લાનો અર્ક.

**મર્યાદિત ઈનપુટ્સ :** લીમડાનું તેલ, ડેરિસ એલિપ્ટિકા, લોન્કોકાર્પસ, થેપ્રોસીયા જાતિમાંથી રોટિનોન તૈયાર કરવો, પ્રોપોલીસ, ક્રિસાન્થેમમ સીનેરારાઈફોલીયમ, સીનેજીસ્ટ પાયરેન્દ્રમ સીનેર્ફોલીયમમાંથી મેળવેલ પાયરેથ્રિન્સના આધારે તૈયાર કરેલ, કુઆસિયા અમારામાંથી તૈયાર કરેલ, ઈન્સેક્ટ પેસ્ટની પેરેસાઈટ પ્રિડેટર્સ છૂટી પાડવી, રાઈનિયા જાતિમાંથી મેળવેલ પદાર્થ, લેસીથીન, દરિયાઈ વનસ્પતિ, દરિયાઈ વનસ્પતિ ખોરાક, દરિયાઈ વનસ્પતિ અર્ક, દરિયાઈ મીઠું અને ખારું પાણી, આસ્પરીયલ્સમાંથી આથેલ પેદાશ, કુદરતી એસીડ (વિનેગાર).

**અમાન્ય ઈનપુટ્સ :** તમાકુની ચા.

**૨. ખનીજો :**

**માન્ય ઈનપુટ્સ :** માટી (દા.ત. બેન્ટોનાઈટ, પર્લાઈટ, વર્મિક્યુલાઈટ, ઝીઓલાઈટ)

**મર્યાદિત ઈનપુટ્સ :** ચૂના/સોડાનો ક્લોરાઈડ, ફૂગનાશક તરીકે વપરાતા કોપર સોલ્ટસ/અકાર્બનિક સોલ્ટસ (બોર્ડો મિશ્રણ, કોપર હાઈડ્રોક્સાઈડ, કોપર ઓક્ઝિક્લોરાઈડ) ફગીસાઈડનો ઉપયોગ પાકના આધારે અને નિરીક્ષણ અને પ્રમાણન એજન્સીના નિરીક્ષણ હેઠળ, ડાયેટોમિસીયસ અર્થ, લાઈટ ખનીજ તેલ, પોટાશ પરમેંગેનેટ, લાઈમ સલ્ફર (કેલ્શિયમ પોલિસલ્ફાઈડ), સિલિકેટસ, ક્લે (બેન્ટોનાઈટ), સોડીયમ બાયકાર્બોનેટ, સલ્ફર (ફૂગનાશક, એકેરીસાઈડ, રીપેલેન્ટ તરીકે)

**અમાન્ય ઈનપુટ્સ :** ખનીજ પાઉડર (સ્ટોન મીલ)

**૩. સૂક્ષ્મ જીવો/જીવાણું નિયંત્રણ એજન્ટ્સ :**

**માન્ય ઈનપુટ્સ :** વાયરલ પ્રિપેરેશન (દા.ત. ગ્રેન્યુલોસીસ વાયરલ, ન્યુક્લિઅર પોલિહાઈડ્રોસિસ વાયરસ વગેરે), ફુંગલ પ્રિપેરેશન (દા.ત. ટ્રિકોડર્મા સ્પેસીઝ વગેરે), બેક્ટેરીયલ પ્રિપેરેશન (દા.ત. બેસિલસ સ્પેસીઝ વગેરે), પરોપજીવી, પ્રિડેટર્સ અને જીવાણું રહિત કરેલ જંતુઓ

**૪. અન્ય :**

**માન્ય ઈનપુટ્સ :** સોફ્ટ સોપ (પોટેશીયમ સોપ), હોમિયોપેથિક અને આયુર્વેદિક પદાર્થો, હર્બલ અને બાયોડાયનેમિક પદાર્થો.

**મર્યાદિત ઈનપુટ્સ :** કાર્બન ડાયોક્સાઈડ અને નાઈટ્રોજન ગેસ

**અમાન્ય ઈનપુટ્સ :** ઈથાઈલ આલ્કોહલ

**૫. ટ્રેપ્સ :**

**માન્ય ઈનપુટ્સ :** ભૌતિક પદ્ધતિઓ (દા.ત. ક્રોમેટિક ટ્રેપ્સ, મિકેનિકલ ટ્રેપ્સ, સ્ટીકી ટ્રેપ્સ અને ફિરોમોન્સ.

જો આપણે સજીવ ખેતી કરતાં જ હોય તો પ્રમાણન કરાવી આપણાં ઉત્પાદનનું મૂલ્યવર્ધન કરી ઊંચા ભાવે કેમ ન વેચીએ ? આવો, બધા ભેગા મળી એક સ્વસ્થ અને ટકાઉ ભારત તરફ આગળ વધીએ.



Scanned with CamScanner